### થરાદ વિસ્તારમાંથી ૫૪ લાખના મુદ્દામાલ સાથે

# દારૂ પકડવાને મામલે બનાસકાંઠા પોલીસ અધિક્ષકની કાર્યવાહી

થરાદ, તા. ૧૩

તારીખ ૧૦-૧-૨૦૧૮ના રોજ દારૂ ભરેલી ગાડી ખોડા ચેકપોસ્ટ પરથી પસાર થઈને જતી હતી ત્યારે જેતડા નજીક પહોંચતા આરઆરસેલ ભુજની ટીમે ગાડીને પકડી પાડી ૫૪લાખના મુદ્દામાલ સાથે આરોપીઓની અટકાયત પણ કરી હતી. ત્યારે થરાદ પી.આઈ કે.એસ. ચૌધરી, કોસ્ટેબલ સુરેશભાઈ તથા કોસ્ટેબલ અશોકભાઈને નિષ્કાળજીયાત ગણીને બદલી કરવામાં આવી. અને ખોડા બોર્ડર પર ફરજ બજાવતા કોસ્ટેબલ અશોકભાઈ દાનાભાઈ તથા રમેશભાઈ પરખાભાઈને નિષ્કાળજીયાત ગણી જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા.



ઉજવણી : મહેસાણામાં આજે ડ્રીમ્સ એન્ટરટેઈનમેન્ટ ગ્રુપ દ્વારા મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે બહેરા મૂંગાની શાળામાં હોસ્ટેલ તેમજ સ્કૂલનાં વિદ્યાર્થીઓને પતંગ, ફીરકી તેમજ ચીક્કીનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે અર્બેન ગુજરાતી મુવીના એક્ટર મૌલિક ચૌહાણ પણ હાજર રહ્યા હતા.

# ભિલોડા પ્રેરણા વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણી



ભિલોડા,તા.૧૩

ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે પ્રાર્થના સભામાં વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. વિદ્યાર્થીની ખુશ્બુ શાહે સ્વામી વિવેકાનંદ વિશે વકતવ્ય આપ્યું હતું. સાંસ્કૃતિક પ્રવૃત્તી કન્વીનર ગીરીશભાઈ પટેલએ વિદ્યાર્થીઓને સ્વામી વિવિકાનંદના વિચારોમાંથી પ્રેરણા લેવાની શીખ આપી હતી. વિદ્યાર્થીની આર્ચી ખરાડી દિલ્હી ખાતે નેશનલ કક્ષાએ અંડર-૧૯ નેટબોલ સ્પર્ધામાં ભાગ લેવા ગઈ હતી ત્યારે શાળા પરીવાર ધ્વારા સન્માન કરાયું હતું. સુપરવાઈઝર ડી. એલ. પટેલે સ્વામી વિવેકાનંદના જીવનકવન વિશે વિદ્યાર્થીઓને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે આચાર્ય રમણભાઈ પટેલ, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કિશનગઢ હાઈસ્કુલના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ભિલોડા,તા.૧૩

કિશનગઢ નવચેતન હાઈસ્કુલના વિદ્યાર્થીઓનો પાંચ દિવસીય કચ્છ દર્શન શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર શૈક્ષણિક પ્રવાસમાં લાભ લીધો હતો. કચ્છ દર્શન પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ સફેદ રણ, માંડવી-બીચ, આશાપુરા માતાજી મંદીર-માતાના મઢ, નારાયણ સરોવર, કંડલા પોર્ટ, અંજાર સહિત વિવિધ જોવાલાયક સ્થળો વિદ્યાર્થીઓને બતાવાયા હતા. કિશનગઢ હાઈસ્કુલ આચાર્ય હિંમતસિંહ એન. સિસોદીયાના માર્ગદર્શન હેઠળ જે. એમ. મકવાણા, ડી. જે. પટેલ, પી.એસ.પટેલ સહિત સ્ટાફ પરીવારએ શૈક્ષણિક પ્રવાસનું સુંદર રીતે આયોજન કર્યું હતું. કિશનગઢ હાઈસ્કુલના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.



ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને ભારત સરકાર દ્વારા શ્રેષ્ઠ પરફોર્મન્સ એવૉર્ડ પેટે બે લાખ રૂપિયાનો ચેક અને પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. નિગમના મેનેજીંગ ડીરેક્ટર જશવંત ગાંધીએ એવૉર્ડનો સ્વીકાર કર્યો હતો.

# ભિલોડામાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે અબોલા પક્ષીઓ માટે હેલ્પ લાઈન સેવાનો શુભારંભ

ભિલોડા,તા.૧૩

ભિલોડામાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે અબોલા પક્ષીઓ માટે હેલ્પ લાઈન સેવાનો શુભારંભ કરાતાં જીવદયા પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડામાં પતંગની ધારદાર દોરીઓથી પક્ષીઓને થતી ઈજાઓમાં પક્ષીઓને સારવાર આપવા માટે હેલ્પલાઈન સેવાનો શુભરંભ કરાયો છે. ભિલોડા ગૌ રક્ષા સમિતીના કાર્યકરો ધ્વારા ઈજાગ્રસ્ત પક્ષી જ્યાં જોવા મળે ત્યાં નીચે મુજબના મોબાઈલ નંબર ઉપર જીદયાઓ પ્રેમીઓએ સંપર્ક સાધવા અનુરોધ કરાયો હતો.જીવદયા પ્રેમીઓ અને ગૌ રક્ષકોના મો.૯૪૨૯૧૮૦૧૭૩, ૯૯૯૮૮૭૦૦૪૧, ૯૭૩૭૨૨૮૪૮૪, ૯૪૨૭૩૬૪૩૭૧, ૯૪૦૯૦૪૮૨૦૪ છે. ભિલોડામાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે અબોલા પક્ષીઓ માટે હેલ્પ લાઈન સેવાનો શુભારંભ કરાતાં જીવદયાપ્રેમીઓ, પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# મહુડીમાં ધાબા પરથી પટકાતા ૧૦ વર્ષની દિકરીનો જીવ ગયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના મહુડી ખાતે ૧૦ વર્ષીય બાળકી પતંગ ચડાવવા માટે ધાબા પર ચડી હતી જ્યાંથી તે પટકાતાં તેનુ દુઃખદ અવસાન થયુ હતુ. આ દિકરીના થયેલા અવસાનને પગલે મહુડીમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. દિકરીનું પોસ્ટમોર્ટમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું.

# ડીસા તાલુકાના લોરવાડા મુકામે આશા સંમેલન અને એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો







પાલનપુર, તા. ૧૩

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર અને જિલ્લા હેલ્થ સોસાયટી બનાસકાંઠા દ્વારા ડીસા તાલુકાના લોરવાડા મુકામે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્યના અધ્યક્ષસ્થાને આશા સંમેલન અને એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં માતામરણ અને બાળમરણ ઘટાડવામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ૪૨૫ આશા બહેનોનું એવોર્ડ અને પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ .અરૂણ આચાર્યએ જણાવ્યું કે રાજય સરકારશ્રીના અભિગમ મુજબ આશા બહેનો ગ્રામ્યકક્ષાએ આરોગ્યની અગત્યની કડી રૂપ કામગીરી કરે છે. તેમણે કહ્યું કે આશા કાર્યક્રમ દ્વારા રાજયમાં માતામરણ અને બાળમરણ ઘટાડવામાં નોંધપાત્ર સફળતા મળી છે. તેમણે કહ્યું કે આશા બહેનોના માધ્યમમાંથી છેવાડાના ગામડાઓ સુધી આરોગ્યની યોજનાઓનો લાભ સરળતાથી પહોંચાડી શકાય છે. તેમણે જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લામાં ૨૭૯૬ આશા બહેનો અને ૨૫૦ આશા ફેસીલિટર કાર્યરત છે. તેમનામાંથી શ્રેષ્ઠ કામગીરી કરનાર બહેનોનું આજે એવોર્ડ અને પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું છે. આરોગ્ય અધિકારીએ કહ્યુ કે આશાએ આરોગ્યની વિવિધ યોજનાઓ જેવી કે રસીકરણ, જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ, મા અને મા વાત્સલ્ય યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, સલામત માતૃત્વ, બાલસખા, જનની સુરક્ષા યોજના, સ્વચ્છ ભારત જેવા અગત્યના કાર્યક્રમમાં સામેલ થઇ લોકોનું આરોગ્ય જળવાય તે માટેના સઘન પ્રયત્નો કરે છે.

આ પ્રસંગે આશા બહેનોએ પોતે વિકટ પરિસ્થિતિમાં કરેલ કામગીરીની વાત રજુ કરી પોતાના અનુભવો રજુ કર્યા હતા. કાર્યક્રમમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સંજય શાહ, ક્વોલીટી મેડીકલ ઓફિસર ડૉ.મુકેશ ત્રિવેદી, પાલનપુર સીવીલના આર.એમ.ઓ. ડૉ. પ્રણામી, એપેડેમીક મેડીકલ ઓફિસર ડૉ. એન.કે. ગર્ગ, આઈ.ઈ.સી. ઓફિસર વી.એમ. સુથાર, તમામ તાલુકાના હેલ્થ ઓફિસરો સહિત વિશાળ સંખ્યામાં આશા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં

# વાર્ષિકોત્સવ મિલેનિયમ ફલેશ બેક કાર્યક્રમ ધામ-ધુમથી ઉજવાયો





ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વાર્ષિકોત્સવ મિલેનિયમ ફલેશ બેક કાર્યક્રમ દબદબાભેર આનંદ, ઉત્સાહપુર્વક ઉજવાયો હતો. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી અને અંગ્રેજી મીડીયમના પ્લે. ગ્રૂપ કે.જી. ૧, ૨ થી ધો.૧૦ સુધીના દરેક વિદ્યાર્થીઓએ વાર્ષિકોત્સવની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે મહેમાન અને ઉદ્‌ઘાટક તાલુકા વિકાસ અધિકારી કીરીટભાઈ ચૌધરી, સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, મિતુલભાઈ બ્રહ્મભટ્ટ, દેવાંગભાઈ બ્રહ્મભટ્ટ, નુપુરબેન બ્રહ્મભટ્ટ, અગ્રણીઓ, સંસ્થાના વિદ્યાર્થીઓ, વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ જીલ્લા,રાજ્ય કક્ષાએ વિજ્ઞાન અને રમત-ગમતમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓનું મહેમાનોના વરદ્ હસ્તે સન્માન કરાયું હતું.

સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર રૂગનાથસિંહજી બારોટએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે અક્ષર ઈન્ટરનેશલ સ્કુલ અંગ્રેજી, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અને સ્કુલને વિશ્વના ફલક ઉપર મુકવા માગુ છું.

આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં આવેલ વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ ધ્વારા બેટી બચાવો, ભ્રૂણ હત્યા અટકાવો, પક્ષીઓ બચાવો, વૃક્ષો બચાવો, રાસ-ગરબા, રાજસ્થાની નૃત્યો સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના અગ્રણીઓ, આર. જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓના માતા-પિતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના માળી-રામી સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

### સમારોહમાં વડીલો તથા નિવૃત્ત થનાર અધિકારીઓ-કર્મચારીઓનું સન્માન કરાયું





ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે વસવાટ કરતા માળી-રામી સમાજના પરિવારોનો સ્નેહમિલન સમારોહ આજે રાંધેજા રોડ પરના રાજા પુરોહિત પાર્ટી પ્લોટ ખાતે યોજાયો હતો. આ સમારોહમાં સમાજના વરિષ્ઠ વડીલો, ગત વર્ષ દરમિયાન સરકારી કાર્યાલયોમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ-અધિકારીઓ તથા બહારથી પધારેલા મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે સમાજના હોદ્દેદારોની વરણી તથા ગત વર્ષના હિસાબોને બહાલી આપવા સહિતના કાર્યો પણ હાથ ધરાયા હતા. આ પ્રસંગે ગાંધીનગરના વોર્ડ નં. ૪ના કોર્પોરેટર અંકિત બારોટ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

માળી-રામી સમાજ ગાંધીનગરના વાર્ષિક સ્નેહમિલન સમારોહનો પ્રારંભ દિપ પ્રાગટયથી કરાયા બાદ સમાજના અગ્રણીઓ બાબુલાલ રામી, કૌશિકભાઈ રામી, કોર્પોરેટર અંકિત બારોટ, વર્તમાન પ્રમુખ પ્રવિણભાઈ રામી તથા પેથાપુર ખાતે કાર્યરત માળી રામી સમાજ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રના સંચાલક નાનજીભાઈ માળી વગેરેએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા જેમાં સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા પર સૌએ ભાર મૂકયો હતો. કાર્યક્રમમાં વરિષ્ઠ વડીલો તથા નિવૃત્ત પામેલા અધિકારીઓ-કર્મચારીઓનું શુભેચ્છા ભેટ થકી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં સમાજના અન્ય અગ્રણીઓ હરેશભાઈ બરોલિયા, તુલસીભાઈ માળી, ભાર્ગવભાઈ રામી, પૂર્વ મામલતદાર જે.કે. રામી, ઉપપ્રમુખ જીતુભાઈ રામી, મંત્રી મનિષભાઈ રામી, બી.ડી. રામી, પ્રવિણભાઈ બરોલિયા, દિપકભાઈ રામી, ચંદ્રકાન્તભાઈ રામી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમન સમાપને તમામ પરિવારોએ સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો તથા દરેક પરીવારને શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી.

# કોલવડામાં ચાલતા જુગારધામ પર એલસીબીનો દરોડો

### ૨૧ હજારના મુદ્દામાલ સાથે છ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે ચોકકસ બાતમીને આધારે શહેર નજીક આવેલા કોલવડા ગામમાં દરોડો પાડયો હતો. કોન્સ્ટેબલ વિપુલકુમારને બાતમી મળી હતી કે અશોક કેશા ઠાકોર કોલવડાના ઠાકોર સમાજના સ્મશાન પાસે ખરાબામાં વરલી મટકાનો જુગાર રમાડે છે. જે આધારે દરોડો પાડી છ શખ્સોએ પકડી પાડયા છે. મોટી આદરજના જુહા રામા ઠાકોર, કોલવડાના ભીખા કાનજી પરમાર, આદિવાડામાં અનિલ કેશા દંતાણી, વાસણ ગામના પ્રહલાદ અમરત ઠાકોર, કોલવડાના મહેન્દ્ર ગોવિંદ ઠાકોર અને આદિવાડામાં રાવજી રામાજી ભીલ મળી છ શખ્સોને રૂ. ૨૧,૧૭૦ના રોકડ મુદ્દામાલ સાથે પકડી પાડી ફરાર મુખ્ય સુત્રધાર અશોક ઠાકોરને પકડવા તપાસ શરુ કરી છે.





ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજની પ્રસંશનીય કામગીરી કરવા બદલ સમાજે વિક્રમસિંહ ગોલનું સન્માન કર્યું તે પ્રસંગની તસવીરમાં નવા વરાયેલા પ્રમુખ રાજનસિંહ ચાવડા અંબોડવાળાનું પણ આ પ્રસંગે ડૉ. શંકરસિંહ રાણા સહિત આગેવાનોએ સન્માન કર્યું હતું.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે એકેડેમિક એડવાઈઝરી કાઉન્સિલ તથા લિડરશીપ કોન્કલેવ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે તા. ૧૨મી જાન્યુઆરીએ સંસ્થાની સાતમી એકેડેમિક એડવાઈઝરી કાઉન્સિલ મિટીંગ તથા તા. ૧૩મી જાન્યુઆરીએ આઠમી લિડરશીપ કોન્કલેવ યોજાઈ હતી. આ વર્ષે એકેડેમિક એડવાઈઝરી કાઉન્સિલમાં કુલ ૩૪ સભ્યો અને લિડરશીપ કોન્કલેવમાં કુલ ૪૬ સભ્યોની હાજરી નોંધાઈ હતી જે અત્યાર સુધીની સૌથી વધુ છે.

એકેડેમિક એડવાઈઝરી કાઉન્સિલ-એએસી દર વર્ષે શિક્ષણ સંસ્થાઓને લગતા પ્રશ્નો અંગે શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓની મળતી બેઠક છે. શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ સાથે ઉદ્‌ભવતી સમસ્યાઓ અંગે કાઉન્સિલ દ્વારા વ્યુહાત્મક અને બાહ્ય સુઝાવો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ વર્ષે કાઉન્સિલમાં વિદ્યાર્થીઓને ફેકલ્ટીઝ સાથે સર્જાતી મુશ્કેલીઓ અંગે પણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે આઈઆઈટી ગાંધીનગર લેખન-સ્ટુડિયોના વિકાસ કરવા કાર્યરત છે તેની પણ જાહેરાત કરાઈ હતી.

લિડરશીપ કોન્કલેવમાં વિવિધ સંસ્થાઓને ટુંકા, મધ્યમ અને લાબાગાળાની વ્યુહાત્મક મુશ્કેલીઓનો ઉકેલ અંગે વિચારણા હાથ ધરાઈ હતી. આ પ્રસંગે આઈઆઈટી મુંબઈની ૧૯૭૫ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ 'અટિન્કર્સ લેબ'નું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો. સુધીર કે. જૈને જણાવ્યું હતું કે હવે વિદ્યાર્થીઓ માટે ફેકલ્ટીઝ દિવસ સતત ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા તથા ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## બોટ પલ્ટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમજ કોસ્ટગાર્ડનું ડોનિયર પ્લેન પણ ઘટનાસ્થળે મદદ માટે પહોંચી ગયું છે. અવાજ સાંભળી આસપાસના માછીમારોની બે બોટ તાત્કાલીક બચાવ માટે આગળ આવી હતી. આ ઉપરાંત દરિયા કિનારે રહેલા લાઈફગાર્ડ પણ બચાવકાર્ય માટે દોડી આવ્યા હતા. લગભગ અડધો કલાકની જેહમત બાદ બોટમાં સવાર ૪૦ વિદ્યાર્થીઓ પૈકી ૩૨નો આબાદ બચાવ કરવામાં આવ્યો છે. જ્યારે ૪ વિદ્યાર્થીના મોત થયાના અહેવાલ છે. તો અન્ય ચારની હજુ શોધખોળ ચાલું છે.

બોટ ડુબવાના સમાચાર વાયુવેગે ગામાં પ્રસરતા વિદ્યાર્થીઓના વાલીઓ પણ દરિયા કિનારે ધસી આવ્યા છે જેના કારણે અફડાતફડીનો માહોલ સર્જાયો છે. તો ગુમ થયેલા વિદ્યાર્થીઓને શોધવા માટે અને તેમનું બોડી સમુદ્ર પ્રવાહમાં આગળ ન વહી જાય તે માટે માછીમારોએ જાળ પાથરી છે. આ ઘટના સામે આવ્યા બાદ કોસ્ટ ગાર્ડ્સે મુંબઈ આવનારા જહાજોનો રસ્તો બદલાવી દીધો છે. કોસ્ટ ગાર્ડ્સે એક શિપ, એક હેલિકોપ્ટર પણ બચાવ કાર્યમાં લગાવ્યું છે. મળતી માહિતી મુજબ તેમને દમણથી બોલાવવામાં આવ્યા છે.

## શિબિરમાં આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર પ્રાંસલા ખાતે છેલ્લા કેટલાક દિવસથી રાષ્ટ્રકથા શિબિર ચાલી રહી હતી, જેમાં પ્રથમ દિવસે ખુદ રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી આવ્યા હતા. ગઈકાલે શિબિરનો છેલ્લો દિવસ હતો અને મોટાભાગના લોકો ઘેર જવા રવાના થઈ ગયા હતા. આ શિબિર માટે ખાસ વ્યવસ્થાના ભાગરૂપે દસ હજારથી વધુ ટેન્ટ ઉભા કરાયા હતા. શિબિરમાં આશરે દસ હજારથી વધુ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. જો કે, ગઈકાલ સુધી ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ છેલ્લે રોકાયેલી હતી. મોટાભાગના શિબિરાર્થીઓ રાત્રે ભોજન કર્યા બાદ આરામ કરી રહ્યા હતા ત્યારે કિશોરીઓ જે વિભાગના ટેન્ટમાં સૂતી હતી ત્યાં અચાનક કોઈક કારણસર શોર્ટ સર્કીટના કારણે આગ ફાટી નીકળી હતી. કાપડના ટેન્ટ હોવાના કારણે કોઈ કંઈ સમજે તે પહેલાં જ ગણતરીની પળોમાં જ આગ જબરદસ્ત રીતે પ્રસરી ગઈ હતી અને કિશોરીઓનો વિભાગ હતો ત્યાંના આશરે ૬૦થી વધુ ટેન્ટ બળીને ખાખ થઈ ગયા હતા. આગ લાગતાં સમગ્ર શબિરમાં ચોતરફ હાહાકાર અને ચીસાચીસ અને આગની જવાળાઓમાં લપટાયેલી કિશોરીઓના કરૂણ આક્રંદથી વાતાવરણ ડરામણું અને બિહામણું બની ગયું હતું.

# જીઆઈડીસી એન્જીનિયરીંગ એસો. દ્વારા મફત નિદાન સારવાર કેમ્પ યોજાયો

### ૩૫૦થી વધુ લાભાર્થીઓને સારવાર અપાઈ

ગાંધીનગર, તા. ૧૩

જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પલેક્ષ એસોસીએશન, સે. ૨૮ તથા અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨૯, ગાંધીનગર દ્વારા સંયુક્ત મફત નિદાન સારવાર કેમ્પનું આયોજન તાજેતરમાં જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પલેક્ષ એસોસીએશનના કોમ્યુનીટી હોલમાં કરવામાં આવ્યું હતું. કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના ડાયરેક્ટર કમલકિશોર જૈનના હસ્તે દીપ પ્રગટાવી, એસોસીએશનના હોદ્દેદારો તથા ડૉક્ટરોની ઉપસ્થિતિમાં કેમ્પનો પ્રારંભ કરાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ઉદ્યોગકારોએ ભાગ લીધો હતો.

મેડીકલ કેમ્પમાં ગાંધીનગના નામાંકીત ડૉક્ટરો, ડૉ. દિનકર ગૌસ્વામી એમ.ડી. ફીજીશીયન, ડૉ. કિંજલ પટેલ એમ.બી.બી.એસ., ડૉ. ગીરીશ શાહ એમ.એસ.ઈ. એન.ટી., રાજેશ શર્મા ઓપ્ટોમેટ્રીસ્ટ, ડૉ. ધવલ પટેલ ફીજીયોથેરાપીસ્ટ, ડૉ. મીસ નેહા મહેરીયા તથા ડૉ. ભાવેશકુમાર ડેન્ટીસ્ટે પોતાની સેવાનો લાભ આપેલ હતો.

એસોસીએશન તરફથી યોજવામાં આવેલ કેમ્પમાં બી.પી., ડાયાબીટીશ, દાંત, આંખ, કાન ગળુ, જનરલ ચેક-અપ દ્વારા શરીરના લગભગ તમામ રોગોનું નિદાન કરી મફત દવાઓ પુરી પાડવામાં આવી હતી. જેમાં ઉદ્યોગકારો તેમના પરિવારજનો, ફેક્ટરીઓમાં કામ કરતા કારીગરો તથા આદિવાડા ગામના ૩૫૦થી વધુ સંખ્યામાં હાજર રહી ઉપરોક્ત કેમ્પનો લાભ લીધેલ હતો.